# ‘ઘરના છોકરા ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો’ જેવો ઘાટ કોંગ્રેસમાં છે

‘ઘરના છોકરા ઘંટી ચાટે, ને ઉપાધ્યાયને આટો જોઈએ’ જેવો ઘાટ કોંગ્રેસમાં સર્જાયો છે. અલ્પેશ ઠાકોર અને જિજ્ઞેશ મેવાણી જેવા યુવા આંદોલનકારીઓ સાથેના સમાધાનમાં કાચુ કાપી પોતાના જ નિષ્ઠાવાન કાર્યકરોને નારાજ કરવાનું કોંગ્રેસને કેમ પોષાય છે તે કોઈને સમજાતુ નથી. ગાંધીનગર દક્ષિણ, બેચરાજી, વડગામ અને ખેરાલુ બેઠક જીતની શક્યતાવાળી બેઠકો સામે પ્રશ્નાર્થ




ઉભા કરવાની આવડત તો કોંગ્રેસ જ કેળવી શકે. આંતરિક કકળાટ ખાળવાની ક્ષમતા જાણે ગુમાવી દીધી છે એવી હાલત ઉપસી રહી છે. ડેમેજ કંટ્રોલ કરવા નેતાઓને દિલ્હીથી તેડાવ્યા પણ પરિણામમાં તો હોબાળો જ હોબાળો. ચાર-ચાર વખત સર્વે કરાયા, ખાનગી એજન્સીઓ દ્વારા કરાવ્યા, પક્ષના નેતાઓ પાસે કરાવ્યા, પણ ટીકીટ આપવામાં તો ભવાડા જ થયા. અને આજે પણ સવાલ તો આ જ છે કે જો આમ જ થવાનુ હતુ તો સર્વેના નાટકો શા માટે થયા ?! હજુ પણ કોંગ્રેસ એ શીખતી નથી કે ચૂંટણીમાં તેનો પરાજય ભાજપ કે અન્ય પક્ષોના કારણે નહિ પણ આંતરિક અસંતોષના કારણે જ થાય છે. જ્યારે આ સત્ય સ્વીકારાશે ત્યારે વિજય પ્રાપ્ત કરી શકશે.

ભાજપ ટેન્શનમાં છે. અને સ્વાભાવિક છે. ભાજપમાં પણ આંતરિક ખેંચતાણને કારણે આજની સ્થિતિ સર્જાઈ છે. પાટીદાર આંદોલન સમયે મુખ્યમંત્રી આનંદીબેનની જાણ બહાર જીએમડીસી ગ્રાઉન્ડ ઉપર કરાયેલા અત્યાચારોના પરિણામોના પડઘા માથામાં વાગે છે. એ આંતરિક લડાઈ જ હતી. હોંશિયારીપૂર્વકની ચાલ હતી. શતરંજની રમતની જેમ ઘોડાની અઢી ચાલે રાજા ચેકમેટ થાય તેમ આનંદીબેનનો સત્તા ત્યાગ થયો. અને આંદોલન વકરતુ ગયું. એક ખોટા પગલાંને સાચવવા અનેક ખોટા પગલાં ભરવાના પરિણામે પાટીદાર વોટબેંકમાં ઉભી તિરાડ થઈ અને આજે એજ નડે છે..! એજ સતાવે છે ને એજ પડકારે છે..! રાજ્યસભાની ચૂંટણી હોય

**ભાજપ સ્વીકારે કે ના સ્વીકારે પણ આજની ક્ષણે પણ તે બેકફુટ પર છે**

કે પાટીદાર આંદોલન હોય. બન્ને વખતે ખોટી ચાલને કારણે ચક્રવ્યૂહમાં ભાજપ ફસાયું અને ફસાતુ ગયું. જો રાજસભાની ચૂંટણીમાં ચોથો ઉમેદવાર ના હોત અને ચૂંટણી ના થઈ હોત તો કોંગ્રેસ આટલી મજબુતાઈથી મેદાનમાં ના હોત..! એ જ રીતે જીએમડીસી ગ્રાઉન્ડમાં આકરા પગલાં લીધાં ના હોત, અત્યાચાર કરવાના હુકમો અપાયા ના હોત તો આજે જે વાતાવરણ ડહોળાઈ રહ્યું છે તે ના ડહોળાયું હોત..! ભાજપ સ્વીકારે કે ના સ્વીકારે તે આજની ક્ષણે પણ બેકફુટ પર છે.

પ્રજા તરીકે આપણે આ બધા નાટક જોયા છે અને જોઈએ છીએ..! દંભ અને દેખાડાને ખુલ્લા પાડવાનો મસ્ત મોકો આવ્યો છે આપણી પાસે..! આપણે પણ લોભ-લાલચમાં લપસ્યા વિના આપણા ત્રાજવે તોલવાના છે.નિર્ભિકતાથી મતરૂપી અભિપ્રાય આપીને આપણો ધર્મ બજાવી લઈએ..! ખરૂને..?!

- નિમિત્ત માત્ર

# જિલ્લાની ૫ બેઠકો માટે ૪૮ ઉમેદવારો વચ્ચે ચુંટણી જંગ

**આજે ૮૫ પૈકી ૩૭ ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચતા ઉમેદવારોનુ ચિત્ર સ્પષ્ટ થયુ : પાંચેય બેઠકો પર ૨૧ અપક્ષ ઉમેદવારો પણ મેદાનમાં : અપક્ષ ઉમેદવારોના લીધે પરિણામના સમીકરણો પર અસર જોવા મળશે**

ગાંધીનગર તા ૩૦

ગુજરાત વિધાનસભાની ચુંટણીને આડે હવે ગણતરીના દિવસો બાકી રહયા છે. ત્યારે આજે ઉમેદવારી પત્ર પાછા ખેંચવાના આખરી દિવસે જિલ્લાની પાંચેય બેઠકો પરથી કુલ ૩૭ ઉમેદવારોએ પોતાના ફોર્મ પરત ખેંચતા ચુંટણી જંગનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. અગાઉ ફોર્મ ભરવાના અંતે ૪૩ ૨૬ થયા હતા. જયારે ચુંટણી મેદાનમાં ૮૫ ઉમેદવારો બાકી રહયા હતા. જયારે આ પૈકી આજે ૩૭ ઉમેદવારોએ ચુંટણીમાંથી ઉમેદવારી પાછી ખેંચતા હવે જિલ્લાની પાંચ બેઠકો પર ભાજપ અને કોંગ્રેસ સહીત ૪૮ ઉમેદવારો વચ્ચે ફાઈટ થશે. જો કે ગાંધીનગર દક્ષિણની બેઠક પરથી એક પણ

## કઈ બેઠક પર કેટલા ઉમેદવાર

| બેઠક | ઉમેદવારો | પરત ખેંચાયા |
|---|---|---|
| ૩૪ દહેગામ : | ૬ | ૬ |
| ૩૫ ગાંધીનગર દક્ષિણ : | ૧૦ | ૦ |
| ૩૬ ગાંધીનગર ઉત્તર : | ૧૨ | ૫ |
| ૩૭ માણસા : | ૧૧ | ૧૬ |
| ૩૮ કલોલ : | ૯ | ૧૦ |
| | કુલ ૪૮ | કુલ ૩૭ |

ઉમેદવારે ફોર્મ પાછુ ખેંચ્યુ નથી.

વિધાનસભાની ચુંટણી પ્રક્રીયાના લીધે જિલ્લામાં રાજકીય ઉત્તેજનાનો માહોલ જોવા મળી રહયો છે. જયારે આ ચુંટણીમાં જ્ઞાતિવાદ અને આંદોલન સહીતના મુદ્દાઓ ઉછળતા રાજકીય પક્ષો માટે ઉમેદવારોને ટીકીટ ફાળવવાની પ્રક્રીયા પણ જટીલ બની છે. ટીકીટોની ફાળવણીના અંતે પણ ઠેર ઠેર વિરોધ અને અસંતોષની લાગણી પ્રબળ બનતા વાતાવરણ ડહોળાયુ હતુ. જયારે બીજીતરફ અપક્ષ ઉમેદવારોએ પણ વિશેષ ફોર્મ ભર્યા હતા. જો કે અગાઉ ૪૩ ફોર્મ રદ થયા બાદ આજે ફોર્મ પરત ખેંચવાની પ્રક્રીયાના અંતે કુલ ૪૮ ઉમેદવારો મેદાનમાં રહયા છે. આ ઉમેદવારો વચ્ચે ચુંટણી જંગ જામશે. ગાંધીનગર ઉત્તરની બેઠક પર ૫ ફોર્મ પરત ખેંચાતા હવે ભાજપ અને કોંગ્રેસના ઉમેદવાર નેશનલ કોંગ્રેસ પાર્ટી ઉપરાંત પાંચ અપક્ષ સહીત ૧૨

● અનુસંધાન પાન-૫ પર

# પાંચ વર્ષમાં પાંચ પ્રતિસ્પર્ધી વધ્યા

**૨૦૧૨ના જંગની તુલનામાં ૨૦૧૭માં ઉમેદવારો વધ્યા, ગાંધીનગર (ઉ), માણસા, ગાંધીનગર (દ)માં વધ્યા તો કલોલ-દહેગામમાં ઘટ્યા : ગાંધીનગર (દ)ની એક માત્ર બેઠક એવી છે જ્યાંથી એક પણ ઉમેદવારી પત્ર ૨૦૧૭ના જંગમાં પાછુ નથી ખેંચાયુ**

(પ્રકાશ જહા) ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકો પરના ઉમેદવારોની સંખ્યામાં ૨૦૧૨ની તુલનામાં વધારો થયો છે. ૨૦૧૨ના ચૂંટણી જંગમાં ૪૩ ઉમેદવારો મેદાનમાં હતા. ૨૦૧૭ના જંગમાં ૪૮ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે.

જિલ્લામાં ૨૦૧૭ના જંગમાં સૌથી વધુ ઉમેદવારો ગાંધીનગર (ઉ)ની બેઠક પર નોંધાયા છે. જેની સંખ્યા ૧૨ છે. ૨૦૧૨ના ચૂંટણી જંગમાં સૌથી વધુ ઉમેદવારો કલોલમાં હતા અને જેમની સંખ્યા ૧૪ની હતી. ગાંધીનગર ઉત્તરની બેઠક પર ૪ ઉમેદવારો ૨૦૧૨ની તુલનામાં વધ્યા છે.

ગાંધીનગર (દ) બેઠક માટે ૧૦ ઉમેદવારો મેદાનમાં છે. આ મત વિસ્તારમાંથી ઉમેદવારીપત્રોની ચકાસણીમાં માન્ય ઠરેલા ઉમેદવારોની સંખ્યા ૧૦ હતી અને બે દિવસ દરમ્યાન એક પણ ઉમેદવારે ઉમેદવારી પત્ર પાછુ ખેંચ્યુ નથી. આ બેઠક પર ૨૦૧૨ની તુલનામાં ૩ ઉમેદવારો વધ્યા છે.

દહેગામ બેઠક પર ૬ ઉમેદવારોએ ચૂંટણી જંગમાંથી તેમની ઉમેદવારી પાછી ખેંચતાં હવે છ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. આ બેઠક પર ૨૦૧૨ની તુલનામાં એક ઉમેદવારનો ઘટાડો થયો છે. માણસા બેઠક પર ૨૦૧૨માં છ ઉમેદવારો હતા જ્યારે આ વખતના જંગમાં ૪ ઉમેદવારો વધ્યા છે. આ વખતના જંગમાં ૧૧ ઉમેદવારો મેદાનમાં છે.

કલોલ બેઠક પર જ્યાં ૨૦૧૨માં સૌથી વધુ ઉમેદવારો હતા ત્યાં ૨૦૧૭ના જંગમાં માત્ર ૯ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. આ બેઠક પર પાંચ ઉમેદવારોનો ઘટાડો નોંધાયો છે જે એક અત્યંત રસપ્રદ તારણ છે.

૨૦૧૨ના જંગમાં જે ઉમેદવારો હતા તેમાં થયેલા વધારાની સંખ્યા નાની જરૂર છે પણ જિલ્લામાં બદલાતા રાજકીય સમીકરણો પણ જવાબદાર હોવાનુ મનાઈ રહ્યું છે.

# કોંગ્રેસ પાર્ટ ઓફ લાઈફ છે... : ડૉ. હિમાંશુ પટેલ

**ટીકીટ ફાળવણી માટે પાર્ટી હાઇકમાન્ડે ઘણા પરિબળો ધ્યાને રાખવા પડે : નવાને પક્ષ સાથે જોડવાની જરૂરિયાત પણ સંતોષવી પડે : વર્ષ ૨૦૦૨ માં પાર્ટીએ અમિત શાહ સામે લડવા સામેથી ટીકીટ આપી હતી : ટીકીટ ફાળવણીના મુદ્દે સમર્થકોમાં થોડો વિરોધ હતો પરંતુ આક્રોશ નિકળી ગયો**

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગર દક્ષિણ બેઠક પર કોંગ્રેસ પક્ષમાંથી પ્રબળ દાવેદારી કરનારા હિમાંશુ પટેલની પસંદગી લગભગ નક્કી જ હતી તેમ કહેવાતુ હતુ. પરંતુ ગણતરીના કલાકો પુર્વે જ કોંગ્રેસે ઠાકોર ઉમેદવારને ટીકીટ



**સીધો સંવાદ - ધનંજય જોષી**

આપી દેતા છેલ્લા ૨૮ વર્ષથી કોંગ્રેસ સાથે જોડાયેલા.... કોંગ્રેસને પાર્ટ ઓફ લાઈફ માનતા પક્ષના પ્રવકતા અને મહેસાણા પ્રભારી, એડવોકેટ, ડૉ. હિમાંશુ પટેલની સાથેનો સંવાદ...

**તમે ટીકીટ માંગી છતા મળી નહીં કેમ ?**

કોંગ્રેસને નવા લોકોને પક્ષમાં જોડવાની જરૂરીયાતને ધ્યાને લીધી છે. ભાજપ હટાવોની પ્રબળ લાગણી સાથે મતોનો સરવાળો કરવો છે. ત્યારે પક્ષમાં નવા જોડાયેલાને પણ માન સન્માન આપવા સરકારમાં સાથે રાખવા ટીકીટ આપવી પડે.

**ટીકીટ ન મળી તેની નારાજગી છે ?**

ના એ વાતનો મને બિલકુલ અફસોસ નથી. રાજકારણમાં દરેક બેઠક પર ૨૦ થી ૨૫ દાવેદારો હોય છે. ત્યારે ઘણાં પરિબળોનો અભ્યાસ કરીને ટીકીટ આપવી પડે છે. તે એક અભ્યાસુ પ્રક્રીયા છે. અગાઉ વર્ષ ૨૦૦૨માં સરખેજ બેઠક પરથી ચુંટણી લડવા પક્ષે સામેથી ટીકીટ ફાળવી હતી. અમિત શાહ સામેની ઉમેદવારી હર્ષથી સ્વીકારી પક્ષ માટે ચુંટણી લડયો હતો.

**ઉમેદવારીના અભાવે તમને કોઇ નારાજગી નથી તો તમારા સમર્થકોએ તોડફોડ અને વિરોધ કેમ કર્યો હતો ?**

વ્યક્તિના સમર્થનમાં વિરોધ ન હતો.માણસા સીટના ઉમેદવારની પણ નારાજગી હતી. જે આક્રોશ હતો તે નિકળી ગયો . હવે એવી કોઇ વાત નથી.

ટીકીટની ફાળવણીના મામલે કોંગ્રેસે ફેર વિચારણા કરવી જોઈતી હતી તેમ લાગે છે.

છેલ્લા ૨૮ વર્ષના અનુભવથી કહુ છુ. દરેક દાવેદારને એવી ઈચ્છા હોય છે કે ટીકીટ મને જ મળે

**દક્ષિની બેઠકના ઉમેદવાર ખુબ ઓછુ ભણલા છે ત્યારે કોંગ્રેસને વિજય મળશે કેમ ?**

એમ તો ..ભાજપના વર્તમાન શિક્ષણમંત્રી ચાર ચોપડી પાસ છે...

● અનુસંધાન પાન-૫ પર

# જિલ્લામાં ૩૬,૨૪૯ મતદારો પ્રથમવાર મતદાન કરશે

**પાંચ બેઠકો માટે પાંચ સખીમતદાન મથક કાર્યરત કરાશે : જિલ્લાની પાંચ બેઠકો માટે ત્રણ જનરલ, અને એક પોલીસ ઓબ્ઝર્વર સહીત ૬ ની નિમણુંક**

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠકોને અનુલક્ષી વિધાનસભા મતદાર વિભાગમાં ૧૮ થી ૧૯ વર્ષના વયના કુલ ૩૬૨૪૯ નવા મતદારો નોંધાયા છે. જેમાં ૧૩૪૨૭ યુવાનો તેમજ ૨૨૮૧૯ સહીત અન્ય ત્રણ મતદારોનો સમાવેશ થાય



છે. આગામી વિધાનસભાની ચુંટણીમાં આ મતદારો પ્રથમવાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. ચુંટણીને અનુલક્ષી ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠકો પર આગામી તા ૧૪ ડિસેમ્બરના રોજ મતદાનની ચુંટણી પંચ દ્વારા જિલ્લાની પાંચ બેઠકો માટે ત્રણ જનરલ ઓબઝર્વર બે એક્ષપેન્ડિચર અને એક પોલીસ ઓબ્ઝર્વરની નિમણુંક કરવામાં આવી છે. જિલ્લાના પાંચ વિધાનસભા મત વિભાગમાં પાંચ સખી મતદાન મથકો ઉભા કરાશે.

ગુજરાત વિધાનસભાની પ્રક્રીયા હાથ ધરવાની છે. ચુંટણીને અનુલક્ષી ચુંટણી પંચ તેમજ વહીવટી તંત્ર દ્વારા પણ જરૂરી તૈયારીઓ કરી દેવામાં આવી છે. ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠકો માટે આગામી ચુંટણમાં નવા ૩૬૨૪૯ મતદારો પ્રથમવાર મતદાન કરશે. ૧૮ થી ૧૯ વયના આ નવા મતદારોમાં ૧૩૪૨૭ યુવાનો તેમજ ૨૨૮૧૯ યુવાનો સહીત અન્ય ૩ નો સમાવેશ થાય છે. જયારે નવા મતદારો પૈકી સૌથી વધુ ગાંધીનગર દક્ષિણ દહેગામમાં ૭૦૭૪, ગાંધીનગર ઉત્તરમાં ૬૫૭૯, અને માણસામાં ૬૩૯૯ અને કલોલમાં ૭૧૮૮ મતદારો નોંધાયા છે. આ ઉપરાંત જિલ્લાના પાંચ વિધાનસભા મત વિભાગનુસાર એક એક સખી મતદાન મથક બનાવામાં આવ્યુ છે. દહેગામમાં મ્યુનિ કન્યા શાળા, ગાંધીનગરમાં અડાલજમાં ગુજરાતી કુમારશાળા સે-૨ સરકારી પ્રાથમિક શાળા, માણસામાં શેઠ એલ એચ સાયન્સ કોલેજ અને કલોલમાં પ્રાથમિક શાળા નંબર -૮ ના રૂમ નંબર -૨ માં સખી મતદાન મથક ઉભુ કરવામાં આવ્યુ છે. જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ૪ બી એસ એફ અને અક મહીલા સી આર પી એફ કંપની કાર્યરત કરવામાં આવી છે. જયારે જિલ્લામાં એક પોલીસ અને ત્રણ જનરલ સહીત કુલ ૬ ઓબ્ઝર્વરને નિમણુંક આપવામાં આવી છે.

## જિલ્લામાં ૪૬૬ દિવ્યાંગ મતદારોમાંથી ૬૬ને વ્હીલચેરની જરૂર પડશે

ગાંધીનગર તા ૩૦

ગુજરાત વિધાનસભાની ચુંટણીને ધ્યાને લઇ શાંતિપુર્ણ માહોલમાં સરળતા પુર્વક મતદાનની પ્રક્રીયા યોજાય તે માટે ચુંટણી પંચ દ્વારા પુરતી તકેદારી રાખીને જરૂરી તમામ પુર્વ આયોજન કરી દેવાયુ છે. ગાંધીનગર જિલ્લાના મતદારો સરળતાથી મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે અનિવાર્ય વ્યવસ્થા પણ કરવામાં આવી છે. જેમાં જિલ્લામાં દિવ્યાંગ મતદારોને પણ કોઇ તકલીફ ન પડે તે માટે સમાજ સુરક્ષા અને જિલ્લા આરોગ્ય તંત્રને જરૂરી સુચના આપવામાં આવી છે. જિલ્લા કલેકટર સતિષ પટેલે આ અંગે જણાંવ્યુ હતુ કે જિલ્લામાં અત્યાર સુધી આ પ્રકારના ૪૬૬ મતદારોએ મતદાનને અનુલક્ષી જરૂરી સેવા માંગી છે. જેમાં ૬૬ને વ્હીલચેરની જરૂર પુરી પાડવામાં આવશે. અન્ય દિવ્યાંગ મતદારો ટેકાની મદદથી મતદાન કરી શકે તેમ છે. જો કે આ પ્રકારના કિસ્સામાં એક પણ મતદાર મતાધિકારના ઉપયોગ વગર રહી ન જાય તેની પણ પુરતી તકેદારી લેવાશે

## ચુંટણીને અનુલક્ષી પોલીસે જિલ્લામાં ૧૫ ઠેકાણે નાકા પોઈન્ટ શરૂ કર્યા

જિલ્લામાં વિધાનસભાની ચુંટણી દરમિયાન શાંતિપુર્ણ માહોલમાં મતદાન થાય તે માટે જરૂરી તમામ પરિબળો પર ધ્યાન કેન્દ્રીત કરાયુ છે. ચુંટણીની ગતિવિધિઓ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે જિલ્લામાં ૧૫ જેટલા નાકા પોઈન્ટ શરૂ કરાયા છે. આ ઉપરાંત ફલાઈંગ સ્કોવોર્ડ પણ ઉપલબ્ધ છે. જયારે જિલ્લામાં વિવિધ ઠેકાણે પેટ્રોલીંગ પણ ચાલુ છે. ચુંટણી દરમિયાન મતદારોને કોઈપણ પ્રકારનો ભય ન રહે તે માટે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ તંત્ર સજાગ છે.

# ઈન્ચાર્જ ડીજીપી તરીકે પ્રમોદ કુમારની નિમણુંક

અમદાવાદ, તા.૩૦

ગુજરાતમાં કાયમી ડીજીપી નિમણૂંક મામલે છેલ્લા ઘણા સમયથી વિવાદ જાગ્યો છે અને આ મામલે ગુજરાત હાઈકોર્ટમાં પણ પીઆઈએલ પેન્ડીંગ છે ત્યારે આ બધા વિવાદોની વચ્ચે આજે ઈન્ચાર્જ ડીજીપી તરીકે ગીથા જોહરીનો કાર્યકાળ પૂરો થતાં ગુજરાતના નવા ઈન્ચાર્જ ડીજીપી તરીકે પ્રમોદકુમારની નિયુક્તિ કરવામાં આવી હતી. ચૂંટણી આચારસિંહતા લાગુ થયેલી હોઈ ચૂંટણી પંચ દ્વારા પ્રમોદકુમારની રાજયના નવા ઈન્ચાર્જ ડીજીપી તરીકે નિમણૂંકને મ્હોર મારી હતી. પ્રમોદકુમાર સને ૧૯૮૩ની બેચના આઈપીએસ છે. ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં તેમના અનુભવ અને કાર્યશૈલીનો લાભ મળી રહે તે હેતુથી પ્રમોદકુમારની નિયુકિત કરાઈ હોવાનું જાણવા મળી રહ્યું છે.













Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com